# "જ્ઞાન-સ્વભાવ"

સત્યાંશ : ૫૭

રમેશ વૈજાણી

પુન્યલક્ષી ધર્માચાર્યો જે રીતે મોક્ષધર્મનું ખંડન કરે છે, તેની વિચારણા સત્યાંશ ૫૦ થી વિચારી; તેની વિશેષ વિચારણાં આગળ વિચારીએ. સંપ્રદાયનાં પુન્યલક્ષી ધર્માચાર્યોને શ્રી ઈષ્ટદેવમાં શ્રધ્ધા કે અનન્ય શ્રધ્ધા કે નિરંતર શ્રધ્ધાનો સદંતર અભાવ હોય છે. ''જો'' શ્રધ્ધા કે અનન્ય શ્રધ્ધા હોય તો શ્રી ઈષ્ટદેવે આપેલો બોધ અને ફરમાવેલાં - ફરમાનો શા માટે જણાવતાં નથી? શા માટે શ્રધ્ધાવતાં નથી ? શા માટે આરાધાવતાં નથી ? ''કારણ'' સ્વયમ્ શ્રધ્ધતાં નથી અને આરાધતાં નથી ''માટે'' બાળજીવોને જણાવતાં નથી - સમજાવતાં નથી - શ્રધ્ધાવતાં નથી. સંપ્રદાયનાં પુન્યલક્ષી ધર્માચાર્યોને સાધુ-સંસ્થાનાં ગૌરવની - ગુણોની - એકતાંની પરવાં નથી (એકત્વની ભાવનાં નથી) ''માટે'' તેઓ નામ પુરતાં - નામનાં ગુરૂ રાખે છે, ''પણ'' ગુરૂ આજ્ઞામાં - ગુરૂ મહિમા - ગુરૂ માહત્યમ ધરાવતાં નથી અને ન-ગુરાંનાં ભાવે - સ્વચ્છંદી સ્વભાવથી વર્તે છે અને ગુરૂનાં નામનો મહિમાં અને પ્રભાવ વધારવાની ''બદલે'' સ્વયમ્નાં નામનો પ્રભાવ વધારવાં અને બતાવવાં સદા પ્રયત્નશીલ રહે છે, ''જ્યારે'' આત્મલક્ષી શ્રી ધર્માચાર્યો પોતાનાં નામને ગૌણ બનાવીને પોતાનાં ગુરૂદેવનાં નામ મહિમા - ગુણ મહિમા પ્રગટાવે છે અને ગુરૂ ઉપકાર માનીને - ગુરૂકૃપાનું ફળ ગણે છે. ''અને'' જ્યારે ધર્મકાર્ય માટે અર્થની જરૂર પડે છે, ત્યારે આત્મલક્ષી શ્રી ધર્માચાર્યોએ અર્થની યાચનાં કરવી પડતી નથી ''પણ'' ભાવ ઈચ્છા વ્યક્ત કરે ત્યાં અર્થની અતિવૃષ્ટિ થાય છે. ''અને'' ''એજ'' ગુરૂ-માહત્યમ અને ગુરૂ કૃપાનું અત્યંત્ય બળવાન ફળ છે. ''જ્યારે''

**સદ્ગુરૂએ બતાવી જગત સ્વરૂપતાં,**
**નવધા ભક્તિએ કરી નિર્મળતાં,**
**પાંચ અંગનાં યોગ અનુભવતાં,**
**મળી મન-મતિથી એ મોક્ષતાં.**

પુન્યલક્ષી ધર્માચાર્યોએ અર્થની યાચનાં કરવી પડે છે - અર્થની માગણી કરવી પડે છે - અર્થ માટે ક્રોધ કરવો પડે છે - અર્થ માટે પુન્ય બંધાવવાનાં ઉપાયો લાવવાં પડે છે - અર્થ માટે ભય બતાવવો પડે છે - અર્થ માટે તંત્રો-મંત્રોની સાધનાં કરવી પડે છે - અર્થ માટે સંઘો અને બાળજીવો સાથે વિવાદ કરવાં પડે છે - અર્થ માટે અધર્મનો આશરો લેવો પડે છે - અર્થ માટે અધર્મને પોષવો પડે છે અને અર્થ માટે અધર્મનો આધાર લઈને આરાધનાં કરવી પડે છે અને વેશથી સાધુપણાંમાં રહીને - ભાવ-સ્વભાવ-પ્રભાવથી - દેહભાવ-માનભાવ-નામભાવ-સંસારભાવમાં વર્તે છે અને અભ્યંતર ચારિત્ર માટેની અંતર અવસ્થામાં........રહે છે.

સંપ્રદાયનાં પુન્યલક્ષી ધર્માચાર્યોને સંપ્રદાયનાં બાળજીવોની કે સમાજની બિલકુલ ખેવનાં કે દરકાર નથી (ફક્ત અર્થ પ્રાપ્તી માટે મળે છે અને અર્થ મળી જાય પછી

**ધર્મનાં નામે આપ્યો અધર્મ,**
**કરી ધર્મમાં અર્થની લૂંટ,**
**આપ્યું જીવને ભ્રમણ શાસન,**
**બેસી ધર્મનાં આસને.**

ભુલી જાય છે અને નવાં ક્ષેત્રમાં અર્થ માટે લાગી જાય છે). ''માટે તેઓ'' સંપ્રદાય-સમાજમાંથી લાખો-કરોડો-અબજોનાં ફંડ-ફાળાઓ કરવાં ''છતાં'' (વર્ષોનાં વર્ષો સુધી) સંપ્રદાયનાં અનુયાયી બાળજીવે આત્મસ્વમાનથી જીવન ટકાવી શકે - આત્મગૌરવથી સંસાર નિભાવી શકે અને સંતોષી જીવન વિતાવી શકે - એવાં પ્રકારની પ્રેરણાં કે એવાં પ્રકારથી અર્થનો સદ્ઉપયોગ કરવાનું પુન્યલક્ષી ધર્માચાર્યોને સુજતું નથી. જ્યાં સુધી સંપ્રદાયનાં બાળજીવો આત્મનિર્ભયતાંપૂર્વક જીવન જીવી ન શકે ત્યાં સુધી ધર્મ પામવો અતિ-અતિ મુશ્કેલ જ નહીં ''પણ'' અતિ દુશ્કર છે. ''અને'' સંપ્રદાયનાં ધર્માચાર્યોનું જીવન કર્તવ્ય છે; કે સંપ્રદાયનાં બાળજીવો આત્મનિર્ભયતાંપૂર્વકનું જીવન જીવે. ''નહીંતર''

**પુન્યલક્ષીમાં રાખ્યો વિશ્વાસ,**
**સંપ્રદાયને મળ્યો વિશ્વાસઘાત,**
**બનાવ્યાં ધર્મનાં રક્ષકો,**
**બન્યાં ધર્મનાં ભક્ષકો.**

બાળજીવ જીવન ટકાવવાંમાં અને જીવન-નિર્વાહમાં જ જીવનને વ્યતિત કરી દે છે અને મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાય-સમાજ-કુળ મળવાં ''છતાં'' ન મળ્યાં બરાબર બને છે.

''માટે'' સંપ્રદાયનાં ધર્માચાર્યોનું પ્રથમ કાર્ય - ધર્મનું પ્રથમ અંગ એ છે કે ''સંપ્રદાયનાં અર્થનો સદ્ઉપયોગ'' સંપ્રદાયનાં બાળજીવો આત્મસ્વમાની બને - આત્મગૌરવી બને - આત્મનિર્ભયી બને - આત્મધર્મી બને - આત્મલક્ષી બને. સંપ્રદાય-સમાજ ગૌરવશાળી અને સમૃધ્ધ બને એવાં આશયે અને પ્રકારથી અર્થનો સદ્ઉપયોગ સમાજ માટે કરે અને તેનાં ફળ સ્વરૂપે સાધુ સંસ્થા ગુણવંતી અને બહુગુણી બને છે. અને પ્રત્યક્ષ-પરોક્ષ-ધર્મ રક્ષક બને છે અને ધર્મરક્ષા કરે છે. ''અને તેથી'' સંપ્રદાય-સમાજનાં-આત્મલક્ષી-ગુણવાન બાળજીવો જગતમાં શ્રી ઈષ્ટદેવનો નામ-મહિમા-ધર્મ મહિમાં વધારવામાં - પ્રગટાવવામાં - પ્રસારવાનું મહાન કાર્ય ધર્મ પ્રભાવથી કરે છે. ''જ્યારે'' પુન્યલક્ષી ધર્માચાર્યો પોતાનાં ત્યાગને ભુલીને - વૈરાગ્ય તરફ દુર્લક્ષ કરીને - પોતાનાં આત્મકલ્યાણને ત્યાગીને - પોતે મેળવેલી યોગ્યતાં વગરની ધર્મ પદવીનો ગેરઉપયોગ કરીને - સંપ્રદાયનાં બાળજીવો (અજ્ઞાનમાં રાખેલાં અજ્ઞાની બાળજીવો) તરફથી ગુણયોગ્યતાં વગર મળેલાં માન પ્રભાવમાં આવીને - મોક્ષજ્ઞાનધર્મ જાણ્યાં પછી તેને (જ્ઞાનને) ભુલીને, ગોપાવીને, વિસ્મરણ કરીને - ભવ-ભ્રમણનાં માર્ગનો, ભવ-ભ્રમણનાં બોધનો, ભવ-ભ્રમણનાં દુઃખોનો, ભવ-ભ્રમણની આરાધનાં કરીને - સ્વયમ્ પોતાનાં માનવભવનો - ત્યાગીદપણાંનો - ધર્માધિકારીની પદવીનો ભંગ કરે છે - દોષ કરે છે - દ્રોહ કરે છે અને સાથે-સાથે સંપ્રદાયને વેરવિખેર કરે છે - સંઘોમાં વાદ-વિવાદ અને વિખવાદ કરાવે છે અને સંપ્રદાયનાં બાળજીવોનાં ધર્મનો - ધર્મ માટેનો વિશ્વાસઘાત કરે છે. સંપ્રદાયનાં બાળજીવો પુન્યલક્ષી ધર્માચાર્યોનો ભેદ જાણતાં ન હોવાથી તેમનું માનગૌરવ જાણીને તેમની પાસે ભવ-મુક્તિ મેળવવાં - ભવ-ભ્રમણથી છુટવાં તેમનામાં અતિ વિશ્વાસ રાખીને - અંધશ્રધ્ધા સ્થાપીને તેમની આજ્ઞામાં સંપૂર્ણ રહે છે - વર્તે છે ''ત્યારે'' પુન્યલક્ષી ધર્માચાર્યો શ્રી ઈષ્ટદેવે આપેલો બોધ આપવાની ''બદલે'' શ્રી શાસ્ત્રોમાં રહેલો બોધ આપવાની ''બદલે'' સંપ્રદાયનાં બાળજીવોને અનંત દુઃખો પામવાનો અને અનંત ભવ-ભ્રમણમાં ફરવાનો-ભટકવાનો બોધ આપે છે અને સાધનાં-આરાધનાં કરાવે છે. ''કારણ''

## ''પુન્યલક્ષી ધર્માચાર્યો સ્વયમ્ તો ડુબે ''જ'' છે ''પણ'' સંપ્રદાયને શા માટે ડુબાડે છે ?''

**સાધુ-સંસ્થાનું લીધું સુકાન,**
**પુન્યલક્ષી ધર્માચાર્યોએ શું કામ?**
**રાખ્યું ધ્યાનમાં માન - ને - નામ,**
**છુટ્યું ધર્મનું નામ-નિશાન.**

એક માત્ર અર્થ પ્રાપ્ત કરવાં માટે - એક માત્ર માન મેળવવાં માટે - એક માત્ર નામને કાયમીક બનાવવાં માટે - એક માત્ર સંપ્રદાયને અધિકારમાં રાખવાં માટે - એક માત્ર સંપ્રદાયને બાનમાં રાખવાં માટે - એક માત્ર અભિમાન - અહંકાર - અધિકારને પાળવાં, પોષવાં માટે - એક માત્ર સંપ્રદાયમાં પ્રભાવ બતાવવાં માટે તેઓ (પુન્યલક્ષી ધર્માચાર્યો) એક માત્ર અર્થને અનિવાર્ય સાધન માને છે. (ગુણ પ્રભાવ વિહિને) અને અર્થ પ્રાપ્ત કરવાં માટે નવાં-નવાં કારણો ઉભા કરે છે અને કાર્યો બતાવે છે. પુન્યલક્ષી ધર્માચાર્યો ધર્મનાં એવાં કોઈ કાર્યો કરતાં નથી કે જેમાંથી તેને અર્થ પ્રાપ્ત ન થાય, તેઓ એવાં જ કાર્યોની પ્રેરણા આપે છે કે કરાવે છે કે જેમાંથી તેમને અર્થની પ્રાપ્તી થાય પછી એ કાર્યો ધર્મની

**પુન્યલક્ષી ધર્માચાર્યોનાં વાંકે,**
**લાગ્યાં સંપ્રદાયનાં બાળજીવો નાદે,**
**મોક્ષ નથી માટે ધર્મનાં વાદે,**
**ચડયાં અધર્મથી વાદ - વિવાદે.**

સાધનાં-આરાધનાંનાં હોય કે - શ્રી ઈષ્ટદેવની સ્થાપનાનાં હોય કે - શ્રી ઈષ્ટદેવની પ્રભુ ભક્તિનાં સંગીત કાર્ય હોય કે - શ્રી ઈષ્ટદેવનું પુનઃ સ્થાપન હોય કે સુવ્યવસ્થિત કરવાનું હોય કે તેમને ચાતુર્માસ નિમિત્તે સ્થાયી કરવાનાં હોય - દરેકમાં પુન્યલક્ષી ધર્માચાર્યો તેમની હાજરીની - વાણીની - લખાણની કિંમત માગે છે અને અજ્ઞાની બાળજીવો આપે છે. પુન્યલક્ષી ધર્માચાર્યો દરેક કાર્ય - ક્ષેત્રમાં પોતાનો હિસ્સો માગે છે - ભાગ માગે છે - પોતાનો અધિકાર ગણે છે અને એ મેળવવાં માટે સંપ્રદાયનાં સંઘો કે અનુયાયીઓને ગભરાવે છે - ધમકાવે છે - પાપની બીક બતાવે છે - તંત્રો-મંત્રોની આણ વર્તાવે છે - પુન્યનો લોભ આપે છે. આવાં અનેક પ્રકારથી અર્થનાં લોભ અને લાલસામાં આવેલાં પુન્યલક્ષી ધર્માચાર્યો સંપ્રદાયમાં ભયનું સામ્રાજ્ય ફેલાવે છે.

**પુન્યલક્ષી ધર્માચાર્યોએ,**
**રાખ્યાં બાળને જ્ઞાનથી-અજ્ઞાન,**
**કરાવ્યો જ્ઞાનનો દ્વેષને-ઘાત,**
**બાળને આપ્યો ભ્રમણ આધાર.**

''પુન્યલક્ષી ધર્માચાર્યોનો એક માત્ર જીવન અર્થ એજ કે મોક્ષધર્મ સંપ્રદાયનાં કોઈપણ કાર્યમાં અર્થનું કમીશન લેવું'' ''અને'' ''કમીશન'' વગરનું કોઈપણ ''મીશન'' ન કરવું. ''એજ'' પુન્યલક્ષી ધર્માચાર્યોનું જીવન ''લેશન'' બને છે. ''અને'' ''સંપ્રદાયનાં બાળજીવોની સાથે રહેવાનું ''એજ'' ''મોશન'' હોય છે. ''અને'' જીવન-જીવવાની ''મશીનરી'' બનાવીને જીવન જીવે છે.''

**''મોક્ષ ધર્મ ''એજ'' જન્મ છે - મોક્ષધર્મ ''એજ'' જીવન છે - મોક્ષ ધર્મ ''એજ'' મરણ છે - મોક્ષધર્મ ''એજ'' પુનઃ માનવ જન્મ છે'' ''અને'' મોક્ષધર્મ - મોક્ષજ્ઞાન - આત્મજ્ઞાન ''એજ'' સદેહે મોક્ષ અને મોક્ષ છે''.**

આનંદ - આનંદ - આનંદ
પ્રભુ - પ્રભુ - પ્રભુ

## ''માનવભવ ક્યારે મળે ? અને શા માટે મળે છે''?

જીવ પ્રકૃતિનાં બળ પ્રભાવે અને કર્મફળ અનુસાર ચૌરાશી લાખ યોનિમાં ફરે છે અને એ ચૌરાશી લાખ યોનિમાં અતિ-અતિ મહત્વની અને અત્યંત્ય અનિવાર્ય યોનિ જો કોઈ હોય તો તે છે માનવયોનિનો અમૂલ્ય એવો એક માત્ર ''માનવ ભવ'' ''કારણ'' જીવ ચૌરાશી લાખ યોનિમાં ફરવાં માટે - ચૌરાશી લાખ યોનિમાંથી એક માત્ર માનવયોનિનાં ભવમાં જ - ચૌરાશી લાખ ઉત્પત્તીનાં સ્થાનકોમાં ઉત્પન્ન થવાં માટેનું પ્રકૃતિનું બળ અને સંજોગ અવસ્થા પ્રાપ્ત કરવાં માટેનું કર્મફળ બાંધવાનો યોગ - અવસર અને સ્થાન એક માત્ર માનવભવ યોનિ જ છે. અને બાકીની સર્વ યોનિઓમાં જીવ કર્મ અનુસારનું ફળ ભોગવે છે. નવા કર્મો બાંધતો નથી. કર્મો બાંધવાનું એક માત્ર સાધન માનવ ભવની માનવ યોનિ જ છે. ''અને માટે'' જીવ જ્યારે ચૌરાશી લાખ યોનિમાં ફરે છે; ત્યારે-જ્યારે પ્રકૃતિનાં બળની મંદતાં કે કર્મોની અલ્પતાં થાય છે અને અન્ય યોનિઓમાં જવાની અને કર્મફળો ભોગવવાંની ઘણી-ઘણી ન્યૂનતાં થાય છે. ત્યારે જીવ નવા કર્મો પ્રાપ્ત કરવાં માનવ ભવમાં આવે છે. ઘણાં-ઘણાં ભવો સુધી ચાલે તેટલાં કર્મો બાંધીને - કર્મો લઈને નવી-નવી યોનિઓમાં ભટકવાં જાય છે. (પ્રકૃતિનાં બળવાનપણાંએ અલ્પ કર્મ સત્તાને - અતિ બળવાન કર્મસત્તાં બનાવવાં) ''તેવી જ રીતે'' ચૌરાશી લાખ યોનિઓમાં માનવભવની યોનિ જ એક માત્ર એવી યોનિ છે કે કે યોનિમાં જીવ ઉદયમાં આવનાર કર્મોને રોકી શકે છે - અટકાવી શકે છે અને આત્મસત્તાને બાંધનાર - પ્રકૃતિ સત્તામાં રહેલાં કર્મોને ઉદયમાં લાવ્યાં વગર અને ભોગવ્યાં વગર એ કર્મોથી આત્મસત્તાને મુક્ત કરવાનું સામર્થ્ય - કર્મોને ત્યાગવાનું બળ - કર્મોની નિર્જરા કરવાનું અપૂર્વપણું એક માત્ર માનવયોનિનાં માનવભવમાં રહેલું છે જે અન્ય કોઈપણ યોનિમાં કરી શકાતું નથી ''કેવાં જીવો અમૂલ્ય માનવભવમાં અલભ્ય લાભ મેળવે છે ?''. જ્યારે જીવને કર્મ-પ્રકૃતિનાં કારણ-રસ અને બળ અલ્પ થાય છે. ત્યારે જીવ કર્મો અને કારણો પ્રાપ્ત કરવાં માનવભવમાં આવે છે. (અજ્ઞાન પ્રકૃતિનાં બળવાનપણાંવાળા - પ્રકૃતિની પ્રબળતાંવાળા જીવો માનવભવ પામીને અનંત કર્મો બાંધીને માનવભવમાં મુક્તિ પામવાની ''બદલે'' ભવ-ભ્રમણમાં જાય છે) ''ત્યારે'' જે જીવાત્માઓએ પૂર્વનાં ભવોમાં આત્મજ્ઞાનધર્મની - મોક્ષજ્ઞાનધર્મની - શ્રી શાસ્ત્રો જ્ઞાનધર્મની સાધનાં - આરાધનાં ભક્તિ કરી છે ''અથવાં'' વર્તમાનનાં માનવભવમાં આત્મજ્ઞાનધર્મની સાધનાં - આરાધનાં કરે છે એવાં જીવાત્માઓ વારંવાર - સમયે-સમયે, અલ્પ સમયોમાં માનવભવ પામીને અલ્પ કર્મ બાંધીને - અનંત કર્મો ત્યાગતાં - ત્યાગતાં - ક્ષય કરતાં-કરતાં મુક્તિ તરફ આગળ વધે છે અને પ્રકૃતિનાં રસોને મંદ કરીને પ્રકૃતિનો ક્ષય કરીને - મોક્ષગમન કરે છે. (એક ભવ મોક્ષજ્ઞાનધર્મની સાધનાં-આરાધનાં કરનાર બાળજીવને વારંવાર માનવભવો મળે છે - દુઃખદાયક યોનિઓ અને કુળોમાં જન્મવાનો લગભગ ક્ષય થાય છે. અને મુક્તિ તરફનો આત્મવિકાસ આગળ વધે છે અને કોઈપણ ભવોમાં અટકે ખરા, ''પણ'' પડે નહીં, અને કોઈપણ પ્રકારનાં ખોટા ભવ-ભ્રમણનાં ધર્મમાં જાય નહીં - અને ધર્મનાં નામે છેતરાય નહીં, અને અજાણતાંમાં-અજાણપણાંમાં ''પણ'' જ્ઞાનમાં-જ્ઞાન ઉપયોગમાં રહે) **''મોક્ષધર્મનો સાધક અલ્પ કર્મ બાંધીને અનંત કર્મોનો ક્ષય કરે છે. ''તેજ'' સર્વ સુખોનું અને ''એજ'' શાશ્વતાં મોક્ષનું કારણ'' અને ''પુન્યબોધનો સાધક અલ્પકર્મ ટાળવાં અનંત કર્મો બાંધે છે''. ''એજ'' ''અનંત ભવ-ભ્રમણમાં ફરવાનું અને અનંતા-અનંત દુઃખો મળવાનું કારણ''.** (કર્મોનાં કારણે પ્રકૃતિ - પ્રકૃતિનાં કારણે કર્મ - અને લક્ષના કારણ પ્રકૃતિ-રસ-કર્મ-ક્ષયની વિચારણાં યોગે કરીને વિચારશું)

Website : www.jainojago.com